વેચાણ અંગેની જાહેર નોટીસ અંગે પ્રસિધ કરવામા આવેલ જાહેર ખુલાસાનો જવાબ તથા જાહેર ચેતવણી

આથી લાગતા વળગતાને જણાવવાનું કે, જીલ્લો : સુરત તાલુકો : અબ્રામા મોજે ગામ : કઠોર ના સરકારી દફતરે નોંધાયેલ સર્વે નંબરઃ. ૬૬૦, બ્લોક નંબર : ૫૩૪ થી નોંધાયેલી ખેતીની જમીન, જેનૂ ક્ષેત્રફળ કુલ ૦-૫૧-૧૩ ચો.મી. છે. જેનો આકાર રૂા ૬.૨૫ પૈસા કે જેનો ખાતા નં. ૩૫૯૨ વાળી બીન ખેતી પ્રિપાત્ર વાળી ખેતીની જમીન અંગે સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર ગુજરાતમિત્રની તા. ૧૮-૦૮-૨૦૨૬ ના રોજની આવૃતિમાં અમારા અસીલે વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ કરાવેલી જે અંગે તા. ૨૦-૦૮-૨૦૨૬ ના રોજના ગુજરાતમિત્રની આવૃતિમાં **અભરામ સૈયદ મસ્જીદના ટ્રસ્ટી શ્રી અહમદ મહમદ રાંદેરી**ના વકીલ શ્રી ફૈઝલ એમ. શેખ. ઠે. મેઈન બજાર રોડ, ખોલવડ, મુ.પો, ખોલવડ, તા. કામરેજ, જી.સુરતનાઓએ જાહેર ખુલાસો પ્રસિધ કરાવેલ જે અમારા અસીલનો કાયદેસરનો વેચાણ વહેવાર ગેરકાયદેસર રીતે રદબાતલ કરાવવાના બદઈરાદે નોટીસવાળી જમીનનાં મહેસુલી હકકોની ખરાઇ કર્યા વિના ખરીદનાર પક્ષકારમાં ખોટો ભય તથા અસમંજશ ઉભી કરી ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવવાના મલીન ઇરાદે તથા જમીનના માર્કેટેબલ ટાઇટલને દુષિત કરવાના ઇરાદે પ્રસિધ કરાવી ગુનાહિત કૃત્યનું કામ કરેલ છે. નોટીસ વાળી જમીનનું ૧ ગુજરાત ટેનન્સી એકટ ૧૯૪૮ ની કલમ ૩૨- એમ મુજબનું પ્રમાણપત્ર સક્ષમ સત્તા દ્વારા આપવામા આવેલ છે જેની નોંધ જમીનના રેવન્યુ દફતરે નોંધ નં. ૬૭૩૪ થી તા. ૦૭-૦૯-૨૦૧૩ ના રોજ દાખલ થયેલ છે અને તા. ૧૯-૧૦-૨૦૧૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે જેથી સદરહુ જમીનના ટાઈટલ અંગે હરકોઇને હરકોઇ પ્રકારનો વાંધો વિરોધ કરવાનો હકક કે અધિકાર નથી સદરહુ ખુલાસો પ્રસિધ કરાવનાર વિરૂધ અમારા અસીલ માનહાનિ અને જમીનના ટાઇટલ અંગે ખોટી રીતે જાહેર ખુલાસો પ્રસિધ કરાવવા બાબતે કાનુની કાર્યવાહી કરનાર છે. તેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી.

ફહીમ વાય. ફુટવાલા - એડવોકેટ
ઓફીસ :- ૧૦૧, બીજા માળે, અહેમદ પેલેસ, આંબોલી, કામરેજ, સુરત
મો. નં. ૮૧૬૦૧૧૧૧૮૯

નિવિદા નં.૩ સને ૨૦૨૫-૨૦૨૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા×મ) પેટા-વિભાગ નં.૨, માર્ગ અને મકાન ભવન, પાંચમો માળ, દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત ફો.નં.૨૪૬૩૦૪૬ દ્વારા ક્રાયવર સપ્લાયના કામો જેની અંદાજી કિંમત રૂા.૩,૦૦,૦૦૦/- સુધીની છે. જેના ઈ૧ કક્ષા અને તેની ઉપરના વર્ગોમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો જરૂરી ફી ભર્યેથી આપવાની છેલ્લી તા.૨૭/૦૮/૨૦૨૬ છે અને ભરેલા ટેન્ડરો સ્પીડ પોસ્ટ/ રજી.પો.એ.ડી.થી સ્વીકારવાની છેલ્લી તા.૦૩/૦૯/૨૦૨૬ છે. સદર કામ અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. બાનાની રકમ વિનાના, શરતી તેમજ મુદત વિત્યા બાદ આવેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભાવપત્રકો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

નાયબ કાર્યપાલક ઈજનેર
સુરત મા×મ પેટા વિભાગ નં.૨
સુરત.

ક્રમાંકઃ માહિતી-સુરત/૫૧૩/૨૦૨૬

SURAT MUNICIPAL CORPORATION

EAST ZONE-A

E-TENDER (ONLINE) INVITATION NOTICE

No. DMC/EZ-A/04/2026-2027

Tender for invited for various Depat. Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

S.N.	Name of the Dept.	Housing Dep.	Technical Dep.	Total work	Total Est. Cost Rs. (Lakh)
01	No. of Work	01	01	02	1887.58

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in).

Deputy Municipal Commissioner
East Zone (Varachha) - A
Surat Municipal Corporation.

No. PRO/197/2026-27
Date :- 20/08/2026

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

રીજનલ ઓફિસ : ૧લો માળ, સ્કાયલાઈન બિલ્ડીંગ,કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨ (ગુજરાત) ફોન.: ૦૨૬૪૨-૨૦૫૦૩૪/૩૫
email: pe.bharuch@bankofbaroda.com

બૅંકના જૂના વાહનને "જેમ છે,જયાં છે" અને "જેમ છે તેમ છે" ના આધારે ખરીદવા માટે રસ ધરાવતા પક્ષો પાસેથી સીલબંધ ઓફરો મંગાવવામાં આવે છે. વધુ વિગતો માટે, કૃપા કરીને અમારી વેબસાઈટ https://www.bankofbaroda.in/tenders/zonal-regional-offices. ની મીલાકાત લો. ઓફર(ઓ) સબમિટ કરવા માટેનો ના પત્રક ૨૧/૦૮/૨૦૨૬ થી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે અને ઓફર(ઓ) સબમિટ કરવાની છેલ્લી તારીખ ૦૫/૦૯/૨૦૨૬ છે. બૅંક કોઈપણ અથવા બધી ઓફરો/ બિડ્સને કોઈપણ કારણ આપ્યા વિના સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

તા.૨૧.૦૮.૨૦૨૬
સ્થળ : ભરૂચ

રીજીનલ હેડ,બૅંક ઓફ બરોડા
રજીનોલ, ભરૂચ.

પંજાબ નૈશનલ બૅંક punjab national bank

...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બીઓ : વાપી શાખા, આકાર મોટર ૧૭૬૬, ન.હા.નં.૮, વાપી-૩૯૬૧૯૫, જી. વલસાડ, ગુજરાત
ફોન : ૦૨૬૦-૨૪૨૪૫૫ email: bo3903@pnb.co.in

પરિશિષ્ટ-૪(રૂલ ૮(૧) જુઓ) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બૅંક, વાપી શાખા, વાપી, જી. વલસાડના** અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ **તા.૩૦/૦૫/૨૦૨૬** ના રોજ બજાવીને તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ પેપર પ્રસિધ કરી **દેવાદાર શ્રી વિરેન્દ્રકુમાર બ્રહ્મદેવ. મીશ્રા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩૭,૦૫,૩૨૨.૩૬ (અંકે રૂા. સાડત્રીસ લાખ પાંચ હજાર ત્રણસો બાવીસ અને છત્રીસ પૈસા પુરા) તા.૦૧/૦૫/૨૦૨૬ થી** વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી મળેલ સત્તા હેઠળ **તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બૅંક**ની બાકી રકમ **રૂા.૩૭,૦૫,૩૨૨.૩૬ (અંકે રૂા. સાડત્રીસ લાખ પાંચ હજાર ત્રણસો બાવીસ અને છત્રીસ પૈસા પુરા) તા.૦૧/૦૫/૨૦૨૬** વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'અદીહંત રેસીડેન્સી' તરીકે ઓળખાતી બિલ્ડીંગ 'એ-વીંગ' ના ૧લો માળ નો ફલેટ નં. એ-૧૦૩, માપ ૧૩૩.૩૧ ચો.મીટર બિનખેતી જમીન ના બાંધકામનો રેવન્યુ સર્વે નં.૩૫૦ + ૩૫૦ પૈકી + ૩૫૦ પૈકી, સીટી સર્વે નં.૧૯૨૨/બી, વાપી ગામ ની હદ માં તા. વાપી, જી.વલસાડ ખાતે વિરેન્દ્રકુમાર બ્રહ્મદેવ મીશ્રા ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : બિલ્ડીંગ 'બી', **પશ્ચિમ તરફ** : ફલેટ નં.એ-૧૦૨, **ઉત્તર તરફ** : ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ** : લીફટ અને દાદર

તારીખ : ૧૯.૦૮.૨૦૨૬ । સ્થળ : વાપી
અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બૅંક

પંજાબ નૈશનલ બૅંક punjab national bank

...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

દમણ શાખાઃ બીઓ : દમણ દેવકા બીચ રોડ, સાંઈ કિષ્ણા એપાર્ટમેન્ટ સામે ઈન્કમ ટેક્ષ ઓફિસ દમણ -૩૯૬૨૧૦ ઈમેલ : bo7170@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બૅંક દમણ શાખા**, અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ ૨૦૦૨ અને અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ **તા.૦૩.૦૬.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારો **શ્રી નેઝાબુદ્દીન ખાન અને શ્રીમતી કિસ્વરી નેઝામુદ્દીન ખાન** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૬,૬૫,૫૧૩.૪૧/- (અંકે રૂા. સોળ લાખ પાસઠ હજાર પાંચસો તેર અને એકતાલીસ પૈસા પુરા) તા.૩૧.૦૫.૨૦૨૬** ના રોજના વધારાનું વ્યાજ કારાર આધારીત દર અને કોસ્ટ, ખર્ચાઓ સહિત આ નોટીસની તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ની કલમ ૮ સાથે વંચાણે લઈ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બૅંક**ની બાકી રકમ **રૂા.૧૬,૫૮,૪૪૭.૪૧/- (અંકે રૂા. સોળ લાખ અઠ્ઠાવન હજાર ચારસો સુડતાલીસ અને એકતાલીસ પૈસા પુરા) તા.૩૦.૦૭.૨૦૨૬** ના રોજના અને વધારાણા વ્યાજ સહિત ને આધીન રહેશે.

એનપીએ પછી રીકવરી- રૂા. ૪૪૬૬૭.૦૦

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ' જનતા એપાર્ટમેન્ટ-૨' તરીકે જાણીતા બિલ્ડીંગ ના એ વિંગ નો ફલેટ નં.૧૦૨ જેનું માપ ૧૩૫.૦૦ ચો.ફુટ એટલે કે ૧૨૬.૫૧ ચો.મીટર સુપર બિલ્ટઅપ એરીયા જેનુ બાંધકામ બિનખેતી જમીન પ્લોટ નં ૩ (ક્રોમ્યુટરાઈઝ સર્વે નં ૬૧/ પૈકી ૧૧) માપ ૪૩૧ .૮૫ ચો.મી અને પ્લોટ નં ૦૪ (ક્રોમ્યુટરાઈઝ સર્વે નં ૬૧/ પૈકી ૧૨) માપ ૪૧૬ .૯૭ ચો.મી પ્લોટ નં ૧૬ (ક્રોમ્યુટરાઈઝ સર્વે નં ૬૧/ પૈકી ૧૩) માપ ૨૯૬.૪૦ ચો.મી અને પ્લોટ નં. ૧૭ (ક્રોમ્યુટરાઈઝ સર્વે નં ૬૧/ પૈકી ૧૪) માપ ૨૯૬.૪૦ ચો.મી કુલ માપ ૧૪૪૧.૬૨ ચોરસ મીટર રેવન્યુ સર્વે નં. ૬૧ માપ આશરે ૧૧૨૩૦ ચોરસ મીટર જે મોજે ગામ. બલીઠા, તાલુકા.વાપી, જીલ્લા. વલસાડ ગુજરાત રાજય ભારત ખાતે આવેલ છે. જેની સીમાઓ :- **પૂર્વેઃ** માર્જીન જગ્યા, **પશ્ચિમે :** ફલેટ નં ૧૦૩, **ઉતરે :** ફલેટ નં ૧૦૫, **દક્ષિણે :** ખુલ્લી જગ્યા આવેલ છે.

તારીખ : ૧૯/૦૮/૨૦૨૬ । સ્થળ : વાપી
અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બૅંક

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

પારસી શેરી શાખા : ખાંડવાલા શેરી, બરાનપુરી ભાગળ પાસે, સુરત-૩૯૫૦૦૩, ગુજરાત Email : parsis@bankofbaroda.co.in

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)
(સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨(૫૪ ના ૨૦૦૨) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૧.૦૬.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / જામીનદાર **મેસર્સ પ્રિવ્યા ફેબીકસ ના (ભગીદાર અને જામીનદાર), શ્રી ઝુમર રામ નેમારામ મેઘાવલ, શ્રી વલ્લભભાઈ રણછોડભાઈ સુતરીયા** (ભાગીદાર અને જામીનદાર), **શ્રી વિઠ્ઠલભાઈ રણછોડભાઈ સુતરીયા (જામીનદાર અને ગીરવેદાર), અને શ્રી પીયુષકુમાર વિઠ્ઠલભાઈ સુતરીયા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧,૨૦,૪૫,૩૮૭.૦૭ (અંકે રૂા. એક કરોડ વીસ લાખ પીસ્તાલીસ હજાર ત્રણસો સીત્યાસી અને સાત પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા.૧૭મી ઓગષ્ટ સને ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧,૨૦,૪૫,૩૮૭.૦૭ વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

પ્રાથમિક સુવિધા : હાઈપોથીકેશન કરેલ સમગ્ર મશીનરી, સાધનો, ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશન, ફર્નિચર અને ફિક્સર, ઓફિસ ના સાધનો અને અન્ય ફર્મની અસ્થાયી ફિકસ એસેટસ, જે. પ્લોટ નં.૧૦૧ થી ૧૦૩, બ્લોક નં.૧૫, ભોયતળીયુ, બોલાવ, ઈન્ડ.કિમ-ઓલપાડ રોડ, ઓલપાડ, સુરત ખાતે આવેલ છે.

સમાંતર સુવિધા : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રણછોડજી પાર્ક હાઉસીંગ સોસાયટી નો બંગ્લો નં.૮૨-બી માપ ૧૧૪.૯૬ ચો.મી ૧૩૭.૫૦ ચો.વાર બરાબર, કોમન હકક સાથે જમીન રેવન્યુ સર્વે નં.૧૪૦(૭/૧૨ ગામના ફોર્મ મુજબ, રેવન્યુ એસ.નં.૧૪૦/૧ પૈકી/૩), ટી.પી.સ્કીમ.નં.૧૯, ફાઈનલ પ્લોટ નં.૧૭, મ્યુનિસિપલ ટેનામેન્ટ નં.૦૧૯૬-૦૨-૩૭૫૧-૦-૦૦૧, ગામ.કતારગામ, સબ ડિસ્ટ્રીકટ.સુરત સીટી, જી.સુરત ખાતે **શ્રી વલ્લભભાઈ રણછોડભાઈ સુતરીયા અને વિઠ્ઠલભાઈ રણછોડભાઈ સુતરીયા** ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો બંગ્લો ટાઈપ નં.૮૫, **પશ્ચિમ તરફ** : જોડેનો બંગ્લો ટાઈપ નં.૮૨-એ, **ઉત્તર તરફ** : જોડેની સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો બંગ્લો ટાઈપ નં.૮૩

તા. ૧૭.૦૮.૨૦૨૬ । સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, પારસી શેરી શાખા.

સુરત RTO દ્વારા જપ્ત કરાયેલા 29 વાહનની હરાજી

સુરતઃ સુરત આર.ટી.ઓ. દ્વારા કરચોરી કે અન્ય નિયમભંગ બદલ જપ્ત કરાયેલા કુલ 29 વાહનોની હરાજી યોજવાનો નિર્ણય લેવાયો છે.

નામ બદલેલ છે.

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મારુ જુનું નામ **ફિરોજખાન રસુલખાન પઠાણ** હતું. જે નામ બદલીને નવું નામ **ફિરોઝખાન રસુલખાન પઠાણ** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સહી/-ફિરોઝખાન રસુલખાન પઠાણ
સરનામું : નવાપરા-વાદીલા, મુ.પો.ઓરમા, તા.ઓલપાડ, જી. સુરત. મો.૯૬૬૨૬૨૮૭૬૭

મોજે ગામ : વરીયાવ, તા. કતારગામ, જી. સુરતના બ્લોક નંબરઃ ૪૮૩ વાળી ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ,કતારગામ સબ-ડીસ્ટ્રીકટના **મોજે ગામ : વરીયાવ ના ,બ્લોક નંબર : ૪૮૩,** જેનો સર્વે.૫૩૦,૫૩૩,ખાતા નં.૩૨૦૩ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ **હે. ૨-૧૭-૬૨ આરે. ચો.મી.** યાને **૨૧૭૬૨ ચો.મી,** અને આકાર **રૂા.૨૫.૮૭** પૈસા છે.તે જમીનના ચાલી આવેલા **માલીક વિકાસકુમાર ભરતભાઈ પટેલ, કિશોરીબેન રાજેન્દ્રભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ, મયંક રાજેન્દ્રભાઈ પટેલ, સંદિપ ધીરૂભાઈ કોટડીયા, લક્ષ્મીબેન અતુલભાઈ કોટડીયાનાઓ** સદરહુ જમીન પોતાની સ્વપાર્જીત, સ્વતંત્ર માલિકી, કબજા અને ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તથા જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.સબળ સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ બોજો,લીયન યા કોઈપણ પ્રકારના હકક,હિત,હિસ્સો,લાગભાગ કે અધિકાર અથવા કોઈપણ જાતના લખાણો,હોય અથવા તો રસ્તાના આવવા જવાના અધિકારો કે ઈઝમેન્ટના રાઈટ હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં નીચે જણાવેલ સરનામે અસલ દસ્તાવેજો સાથે અમારો રૂબરૂ સંપર્ક સાધવો. ત્યારબાદ સદરહુ જમીનમાં કોઈનો કોઈ પ્રકારનો હકક, હિત,હિસ્સો અને અધિકાર રહેલો નથી અને હોય તો તેઓએ જતા કરેલ છે એમ માની અમારા અસીલ સદરહુ જમીન અંગે ઉપરોકત જમીન માલીકો સાથે વેચાણ અંગેના વ્યવહાર આગળ વધારશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઠેકાણું : ૨૦૭, સન ટ્રેડ સેન્ટર, ઓલ્ડ પાલનપોર કેનાલ રોડ, રામનગરની પાછળ, રાંદેર, સુરત. મો. ૯૯૨૫૧ ૬૬૩૩૬

દિલીપ કે. ડોડાઈ તથા **શિવદતસિંહ કે ઠાકોર**
તે ખરીદનારના એડવોકેટ

જાહેર સમન્સ

મહેરબાન સુરતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબશ્રીની કોર્ટમાં,
નવી કોર્ટ બીલ્ડીગ રુમ નંબર ૫૧૬ પાંચમા માળે જીલ્લા ન્યાયાલય અઠવાલાઈન્સ સુરત

COMMCS NO.746/2023

ઠરાવ તારીખ ૨૧/૧૦/૨૦૨૬
વાદી ના વકીલ. ચંદ્રકાંત કે. સોની/ઉર્વશી બી. પટેલ

વાદી : પંજાબ નેશનલ બેન્ક સચીન જી.આઈ.ડી.સી શાખા
વિરુધ્ધ
પ્રતિવાદી : ઉજાલાકુમાર દુર્ગેશનારાયણ ચૌધરી શ્યામ ઈન્ડસ્ટ્રીઝના પો.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસ થકી જણાવવાનુ કે
આ કામના વાદીએ ઉપરોકત નંબર નો દાવો ૧૧,૪૭,૬૫૭/-અંકે રૂપિયા અગીયાર લાખ સુડતાલીસ હજાર છસો સત્તાવન પુરા તથા વ્યાજ સહીત વસુલ મેળવવા માટેનો દાવો વાદી બેંકે કરેલો છે. અને પ્રતિવાદી સમન્સની બજવણી કરવા દેતા નથી. અને મકાન વેચીને બીજે રહેવા ચાલી ગયેલ છે. મોરગેજ થયેલી મીલ્કત દાવાઅરજીના સરનામે આવેલ છે. અને દરભંગા બીહાર જતા રહેતા હોવાથી ત્યાં પણ સમન્સની બજવણી કરતા ઘર છોડી જતા રહેલા છે. જેથી દાવાની બજવણી થતી નથી. જેથી તમોને દૈનીક પેપર મારફતે નામદાર કોર્ટ ની પ્રોસેસની બજવણી કરવામા આવે છે. સદર દાવામા હવે પછીના ઠરાવની તારીખ ૨૧/૧૦/૨૦૨૬ ના રોજ મુકરર કરવામા આવી છે. જે દીવસે તમો અગર તમારા વકીલ મારફતે સવારે ૧૧-૦૦ કલાકે નામદાર કોર્ટમા હાજર રહેવુ. જો તેમ કરવામા કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીને નિકાલ કરશે જેની નોધ લેવી.
આજ તા. ૧૮મી માહે ઓગષ્ટ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જી.વી. સોંલકી) આસીસ્ટન્ટ | મુકબલ કરનાર (આર.એન.સરવાળીયા) સુપ્રીટેન્ડન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (હિના દેસાઈ) રજીસ્ટ્રાર શ્રી સિવિલ જડજ કોર્ટ,સુરત

મોજે વરીયાવના બ્લોક નં. ૪૫૮/૨ વાળી જમીન અંગે વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ **સુરત**, સબ-ડિસ્ટ્રીકટ **કતારગામ**ના, મોજે **વરીયાવ**ના **સર્વે નં. ૫૦૩** જેનો **બ્લોક નં. ૪૫૮/૨** વાળી જમીન જેનું ક્ષેપ્રફળ હે.આરે. ૦-૩૯-૫૪ ચો.મી. જેનો ખાતા નં. ૩૫૪૬ વાળી ખેતીની જમીન **દિલહરબેન ચંદ્રસિંહ તે દોલતસિંહ નાથુસિંહ**ની **પત્નીનાઓની** સંપૂર્ણ માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. સદરહું જમીનના માલિકોએ જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈનો કોઈપણ પ્રકારે હકક-હિત, હિસ્સો દર-દાવો કે કોઈપણ જાતના લખાણો હોય તેમજ કોઈનો ભરણપોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે કોઈપણ બેંકનો કે સહકારી મંડળીનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી **દિન-૧૦** માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમારા અસીલ વતી હમોનો સંપર્ક કરવો. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં કોઈનો કશા પ્રકારનો લાગભાગ, હકક-હિત, હિસ્સો કે અધિકાર નથી અને હોય તો તે વેવ કરેલો છે તેમ માની હમારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ તર-તકરાર કે દાવો ચાલશે નહીં જેની આથી સર્વેએ નોંધ લેવી.

ઓફિસ :- એ/૫૦૪, "તિરૂપતી પ્લાઝા", જુની બહુમાળીની બાજુમાં અઠવાગેટ, સુરત. મોબાઈલ : ૮૫૩૦૦૬૮૨૯૯

મુકેશ એસ. પટેલ, સંજય આર. પટેલ તથા નયલ એમ. પાંડવ તે ખરીદનારના એડવોકેટસ્

વેચાણ અંગેની જાહેર નોટીસ

**આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ તાલુકા ઉધના સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ ગભેણીના બ્લોક/રેવન્યુ સર્વે નં. ૧૯૧ (સર્વે નં.૧૮૪/૨) થી નોંધાયેલી જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૬-૬૨ ચો.મી. છે જેનો આકાર રૂા.૪.૬૯ પૈસા છે તથા ખાતા નં.૭૫૩ છે તે જમીન પૈકી ૧૦૮૨.૭૫ ચો.મી.વાળી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની જમીનના સંયુકત માલિક, મુખત્યાર તથા કબજેદાર રતનાબેન અમરતભાઇ પટેલ, તારાબેન અમરતભાઇ પટેલ તથા ભરતભાઇ અમરતભાઇ પટેલનાઓની સંયુકત માલિકીની ચાલી આવેલ છે. જેથી સદરહુ જમીન તેઓએ મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને મારા અસીલ સદરહુ જમીનોનો પુરેપુરો અવેજ ચુકવી ટુંક સમયમાં પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે જેથી તે જમીનમાં અન્ય કોઇના કોઇપણ જાતના લાગભાગ, દરદાવા, હકક, હિત, હિસ્સો, અધિકાર, સંબંધ કે ખોરાકી-પોષાકીના હ